પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૯૦ | ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૯, શુક્રવાર; ભાદરવા વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કઠોર ટ્રાફિક નિયમો સામે રાષ્ટ્રવ્યાપી હડતાળ

**સવારમાં ઓફિસ જતાં લોકો જુદી જુદી જગ્યાઓ ઉપર અટવાયા : કેન્દ્ર સરકારના મોટર વ્હીકલ એક્ટમાં કરવામાં આવેલા મોટા-કડક ફેરફારોને લઇને દેશના ટ્રાન્સપોર્ટરો હડતાળ પર રહ્યા**

નવી દિલ્હી,તા.૧૯

નવા ટ્રાફિક નિયમોને લઈને દેશના જુદા જુદા રાજ્યોમાં લોકોની નારાજગી વચ્ચે આજે ટ્રાન્સપોર્ટરો હડતાળ ઉપર ઉતરી ગયા હતા. દેશભરમાં હડતાળના લીધે કેટલીક જગ્યાઓએ અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. ખાસ કરીને દિલ્હી અને તેની સાથે જોડાયેલા નોઈડા, ગાઝિયાબાદ અને ફરિદાબાદમાં હડતાળની સૌથી વધારે અસર જોવા મળી હતી. હડતાળ સમર્થકો દ્વારા કેટલીક જગ્યાઓએ દેખાવો કર્યા હતા. ટ્રાન્સપોર્ટરોની હડતાળના લીધે સામાન્ય લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. હડતાળમાં ટ્રાન્સપોર્ટરોએ ઘણી જગ્યાએ બળજબરીપૂર્વક વાહનોને રોક્યા હતા. તોડફોડ કરી હતી. દેશના અન્ય ભાગોમાં હડતાળને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. આ હડતાળ કેન્દ્ર સરકારના મોટર વ્હીકલ એક્ટમાં કરવામાં આવેલા ફેરફારના વિરોધમાં બોલાવવામાં આવી હતી. ઘણી જગ્યાએ હાઈવે પર ધાંધલ ધમાલના પ્રયાસ થયા હતા. દેશભરમાં નવા ટ્રાફિક નિયમો કઠોર રીતે લાગુ કરવામાં આવ્યા બાદ આના વિરોધમાં આજે દેશભરમાં ટ્રાન્સપોર્ટરો હડતાળ પર ઉતરી ગયા છે. દિલ્હી અને એનસીઆરમાં હાલત કફોડી બની ગઈ છે. ઓલા અને ઉબરની સેવાને પણ રોકવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. નવા મોટર વ્હીકલ એક્ટ હેઠળ ટ્રાફિક નિયમોના ભંગના મામલામાં કેટલાક ગુના દાખલ કરવામાં આવ્યા બાદ અને દંડની જંગી રકમ વસુલ કરવામાં આવ્યા બાદ આની સામેના વિરોધમાં દેશભરમાં આજે ટ્રાન્સપોર્ટર હડતાળ પર જતા જનજીવન પર અસર થઈ હતી.

દિલ્હી અને તેની સાથે જોડાયેલા નોઈડા, ગાજિયાબાદ અને ફરિદાબાદમાં આ હડતાળની સૌથી વધારે અસર જોવા મળી રહી છે. હડતાળ પર ઉતરેલા સમર્થકો દ્વારા બળજબરીપૂર્વક વાણિજ્ય વાહનો અને ખાસ કરીને ઓલા ઉબરને રોકવામાં આવી રહી છે. આની સાથે જ માર્ગો પર રહેલા ઓટોને પણ બળજબરીપૂર્વક રોકવામાં આવે છે. નવી દિલ્હી રેલવે સ્ટેશન પર કેબને રોકવામાં આવી હતી. હડતાળના કારણે સવારમાં ઓફિસ જતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. હડતાળના કારણે નોઈડાની મોટા ભાગની સ્કુલોમાં રજા જાહેર કરવામાં આવી છે.



# રાજનાથસિંહે તેજસ વિમાનથી ઉડાન ભરી



**તેજસ ફાઇટર પ્લેન ભારતમાં તૈયાર થયુ : પૂર્વ સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામને અગાઉ યુદ્ધ વિમાન સુખોઇમાં ઉંડાણ ભરી હતી : હથિયાર ઝીંકવા ખાસ ક્ષમતા**

બેંગલોર,તા. ૧૯

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે આજે એક નવો ઈતિહાસ રચી દીધો હતો. કારણ કે રાજનાથ સિંહે ટોપ અધિકારીઓની સાથે અતિ આધુનિક અને ભારતમાં તૈયાર કરવામાં આવેલા ફાઈટર વિમાન તેજસમાં ઉંડાણ ભરી હતી. ખુબ હળવા અને સ્વદેશી ટેકનિકથી વિકસિત કરવામાં આવેલા આ વિમાનને સૌથી શક્તિશાળી અને કુશળ વિમાન તરીકે ગણવામાં આવે છે. જંગના મેદાનમાં હથિયારો ઝીંકવાની ખાસ ક્ષમતા ધરાવનાર અને દુશ્મનોની મિસાઈલોને હાથ ધરવામાં કુશળતા ધરાવનાર ભારતના તેજસ વિમાનમાં આજે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ઉંડાણ ભરી હતી. તેજસ જુદા જુદા પરાક્રમ કરી શકે છે. દુશ્મનના દાંત ખાટા કરવામાં સક્ષમ આ ફાઈટર વિમાનમાં રાજનાથ સિંહે ઉડાણ ભરી હતી. અધિકારીઓએ કહ્યુ છે કે તેઓ તેજસમાં ઉડાણ ભરનાર પ્રથમ સંરક્ષણ પ્રધાન છે. અત્રે નોંધનીય છે કે હવામાં ઉંડાણ અને યુદ્ધ માટે હળવા ફાઈટર પ્લેન વિમાન વધારે સફળ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રયાગરાજમાં જળબંબાકાર

**લાખો ઘરોમાં પાણી ઘુસ્યા : સ્કુલ અને કોલેજોને બંધ રાખવા માટેના આદેશ જારી કરાયા : બે ત્રણ દિવસથી જોરદાર વરસાદથી યુપીના પ્રયાગરાજમાં ગંગા અને યમુનામાં પુરની સ્થિતિ : પાંચ લાખથી પણ વધુ લોકોને અસર : રસ્તાઓ જળબંબાકાર**

પ્રયાગરાજ,તા. ૧૯

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં ગંગા અને યમુના નદીમાં આવેલા પુરના કારણે હાલત ખરાબ થઈ ગઈ છે. આવનાર બે ત્રણ દિવસ માટે જિલ્લામાં પુરની સ્થિતી વધારે ગંભીર બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. જેના કારણે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સેનાને પણ સાવધાન રહેવા માટે કહેવામા આવ્યુ છે. સ્થિતી વધારે ગંભીર બનશે તો સેનાને પણ બોલાવવામાં આવી શકે છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ૨૧મી સપ્ટેમ્બરના દિવસ સુધી તમામ સ્કુલો અને કોલેજમાં રજા જાહેર કરી દીધી છે. પુરના કારણે આશરે પાંચ લાખ લોકોને અસર તઈ છે. પાંચ હજારથી વધારે લોકોના ઘરમાં પુરના પાણી ઘુસી ગયા છે. સ્થાનિક લોકો ભારે મુશ્કેલીમાં દેખાઈ રહ્યા છે. બુધવારના દિવસે જ યમુના નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ હતી. ચારેબાજુ પાણી પાણી નજરે પડે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય મતવિસ્તાર વારાણસીમાં ગંગા અને વરૂમા નદીમાં પાણીની સપાટી સતત ચિંતાજનકરીતે વધી રહી છે.

## ન્યુઝ ટ્રેક

### ભદોરીયા નવા વાયુસેના પ્રમુખ

રક્ષા મંત્રાલયના પ્રમુખ સચિવે જણાવ્યુ છે કે એર વાઈસ ચીફ માર્શલ આરકેએસ ભદોરીયા નવા ચીફ ઓફ એર સ્ટાફ હશે. બીએસ ધનોઆ ૩૦ સપ્ટેમ્બરે રિટાયર્ડ થઈ રહ્યા છે.

### ટ્રમ્પ મેક્સિકો દિવાલ પર પહોંચ્યા

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ મેક્સિકો બોર્ડર પર બની રહેલી દિવાલનો એક ભાગ જોવા પહોચ્યા હતા. અહી તેમણે કામગીરીનો રીપોર્ટ જોયો હતો અને દિવાલ પર સહી કરી હતી. ગેરકાયદે ઘુસતા પ્રવાસીઓને રોકવા મેક્સિકો બોર્ડર પર ૮૦૦ કીમી લાંબી દિવાલ અમેરિકા બનાવી રહ્યુ છે.

## એક વર્ષમાં શક્તિ પ્રદર્શન વગર ભારતને પીઓકે મળી જશે : મલિક

શ્રીનગર,તા.૧૯

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) સંબંધીત ભારત માટે પોતાનો રોડમેપ રજૂ કરતા જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ સત્યપાલ મલિકે બુધવારે કહ્યું કે ભારતની કોઈ પણ પ્રકારની મહેનત વગર જ એક વર્ષમાં પીઓકેને ભારત પોતાના હિસ્સામાં લઈ લેશે. આ ઉપરાંત તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે રાજ્યમાં આયોજીત વિકાસ જોઈને ત્યાંના લોકો 'વિરોધ' કરશે અને પછી ભારતમાં સામેલ થઈ જશે.

રાજ્યપાલ સત્યપાલ મલિકે એક કાર્યક્રમને સંબોધતા કહ્યું કે કેટલાક મંત્રીઓ બળપૂર્વક પીઓકેને પાકિસ્તાનમાંથી પરત લેવાની વાતો કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, છેલ્લા ૧૦-૧૫ દિવસથી હું જોઈ રહ્યો છું કે આપણા ઘણા મંત્રીઓ પીઓકે પર હુમલો કરીને તેને ભારતમાં લાવવું વગેરે જેવી વાતો કરતા રહે છે. મારું માવું છે કે જો પીઓકે આપણું આગામી લક્ષ્ય હોય તો આપણે તેને જમ્મુ-કાશ્મીરના વિકાસના આધાર પર લઈ શકીએ છે. મલિકે કહ્યું કે, 'જો આપણે જમ્મુ-કાશ્મીરના લોકોને પ્રેમ અને સમ્માન આપી શકતા હોઈએ, તેમના બાળકોના ભવિષ્યને સુરક્ષિત કરી શકતા હોઈએ, જમ્મુ-કાશ્મીરમાં વિકાસ અને સમૃદ્ધિ લાવી શકતા હોઈએ તો હું ગેરેન્ટી આપું છું કે એક જ વર્ષની અંદર-અંદર" દ્વના લોકો જ પાકિસ્તાનનો વિરોધ કરવા લાગશે અને કોઈ પણ પ્રકારનું શક્તિ પ્રદર્શન કર્યા વગર ભારતને પીઓકે મળી જશે. પીઓકેના લોકો ખુદ કહેશે કે તેઓ ભારતમાં આવવા માગે છે. આ પીઓકે માટે મારો રોડમેપ છે.

# રામંદિરની સુનાવણીમાં વિઘ્ન ન નાખો : મોદી



**ભગવાન રામના માટે સુનાવણીમાં વિઘ્ન ઉભા ન કરવા મોદીનું સુચન : મહારાષ્ટ્રના નાસિકમાં મોદીએ ચૂંટણી પ્રચારનું રણશિંગુ ફુંક્યું : જમ્મુ કાશ્મીરને ફરીથી સ્વર્ગ બનાવાશે : મહારાષ્ટ્રમાં સ્થિરતા વિકાસ અને કાનૂન વ્યવસ્થા મજબૂત**

નાસિક,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાસિકમાં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીને લઈને આજે ચૂંટણી પ્રચારનું રણશિંગુ ફુંકી દીધું હતું. રામ મંદિરને લઈને દાવા કરનાર લોકો ઉપર આકરા પ્રહારો કર્યા હતા. અયોધ્યા સુનાવણી ઉપર આજે મોદીએ કહ્યું હતું કે, દેશને સુપ્રીમ કોર્ટ પર સંપૂર્ણપણે વિશ્વાસ છે. તેઓ નિવેદન કરનાર સાહસી લોકોને અપીલ કરવા માંગે છે કે, ભગવાન રામ માટે સુનાવણીમાં કોઈપણ પ્રકારની અડચણો ઉભી કરવાના પ્રયાસો ન કરવામાં આવે. ભગવાન રામના માટે અયોધ્યા સુનાવણીમાં અડચણો ઉભી કરવાના પ્રયાસ ઘણા લોકો કરી રહ્યા છે. આજે નાસિક પહોંચેલા મોદીએ ચૂંટણી પ્રચારનું રણશિંગુ ફુંક્યું હતું. સુપ્રીમ કોર્ટમાં અયોધ્યા કેસ મામલે સુનાવણી ચાલી રહી છે. આવી સ્થિતિમાં જેમ તેમ નિવેદન ન કરવાની જરૂર છે. ૩૭૦ ઉપર નિવેદન કરતા કહ્યું હતું

● અનુસંધાન પાન-૭ પર




# અમિત શાહ સાથે મમતા બેનર્જીની એનઆરસીના મુદ્દા પર લાંબી ચર્ચા

**આસામમાં ૧૯ લાખ નાગરિક એનઆરસીથી બહાર છે જેમાં કાયદેસરના નાગરિકો છે : મમતા બેનર્જીનો ઘટસ્ફોટ**

નવીદિલ્હી,તા.૧૯

પશ્ચિમ બંગાળના સત્તારુઢ તૃણમુલ કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટીમાં ચાલી રહેલી જોરદાર ખેંચતાણ વચ્ચે દિલ્હીમાં છેલ્લા બે દિવસમાં રાજકીય સમીકરણો બદલાઈ રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતૃત્વ પર સતત પ્રહાર કરનાર પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બુધવારના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કર્યા બાદ આજે ગૃહમંત્રી અમિત શાહની સાથે બેઠક યોજી હતી. લોકસભા ચૂંટણી બાદ મમતા બેનર્જી પ્રથમ વખત બંને નેતાઓને મળ્યા છે. મોદી અને શાહની સાથે મમતાના ખુશાલ મુદ્રામાં ફોટાઓ પણ રાજકીય વર્તુળોમાં પ્રશ્નો જગાવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર




### ચિદમ્બરમની ન્યાયિક કસ્ટડી ફરીથી વધી

નવીદિલ્હી,તા.૧૯

આઈએનએક્સ મિડિયા ભ્રષ્ટાચારના મામલામાં દિલ્હીની એક કોર્ટે આજે પૂર્વ કેન્દ્રીયમંત્રી પી ચિદમ્બરમની જ્યુડિશિયલ કસ્ટડીની અવધિ ત્રીજી ઓક્ટોબર સુધી વધારી દીધી હતી. ખાસ ન્યાયાધીશ અજયકુમારે ચિદમ્બરમની મેડિકલ તપાસની મંજુરી પણ આપી દીધી છે.